ગાંધીનગર સમાચાર

## સી.ડી. પટેલ હાઈસ્કૂલ તલોદનું ગૌરવ

તલોદ, તા. ૧૫

રાજ્યકક્ષાના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી તેમજ જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા રમતગમત અધિકારી કચેરી અરવલ્લી સંચાલિત ૪૮મો રાજ્યકક્ષા યુવા મહોત્સવ સ્પર્ધા ભિલોડા મુકામે યોજાયેલ હતો. જેમાં વિવિધ સ્પર્ધાઓ પૈકી શ્રી રાજુભાઈ રાવલ દ્વારા લેખિત અને દિગ્દર્શીત 'નારી તુ નારાયણી' વિષય પર એકપાત્રીય અભિનય, બ વિભાગમાં રાવલ વિશ્વા રાજેશકુમારે ભાગ લીધેલ જેઓએ આ સ્પર્ધામાં પ્રથમ નંબરનું ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરતાં તેમણે રાજ્યકક્ષાએ શાળાનું નામ વધારેલ છે. શાળા મંડળના સભ્યશ્રીઓ આચાર્યશ્રી તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુર પોસ્ટ ઓફિસ ખાતે ડાક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા પોસ્ટલ ડિવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ કાઉન્ટર સેવા, બચત બેન્કના પ્રશ્નોના નિકાલ કરવા તા. ૨૮-૧૨-૨૦૧૫ના રોજ સવારે ૧૧ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે ફરિયાદ, આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ઓફિસ ઓફ ધી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ બનાસકાંઠા ડીવીઝન પાલનપુરને તા. ૧૬-૧૨-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. ત્યારબાદ આવેલ આવેદનપત્ર, ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહી તેમ બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરના અધિક્ષક ડાકઘર દ્વારા જણાવાયું છે.

# મોડાસા પાલિકામાં અપક્ષોની ગેરહાજરી ભાજપને ફળી

## પાલિકાના પ્રમુખ પદે વનીતાબેન પટેલ અને ઉપપ્રમુખ પદે દિનેશભાઈ ગુર્જર વિજયી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ૯ વોર્ડ અને ૩૬ સદસ્યોમાં ૧૮ બેઠકો ભાજપ, ૧૦ બેઠકો કોંગ્રેસ અને ૮ બેઠકો અપક્ષના ફાળે જતાં એક પણ પક્ષને સ્પષ્ટ બહુમતિ ન મળતાં ત્રિકોણીયો બનતા રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. જેમાં ૫ અપક્ષ સદસ્યોની ગેરહાજરી ભાજપને ફળતા મોડાસા નગરપાલિકાની સત્તાનું સુકાન સતત પાંચમી વખત ભાજપના હાથમાં આવ્યું હતું. મોડાસા નગરપાલિકાના મંગળવારે બાયડ પ્રાંત અધિકારીની રાહબરી હેઠળ પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. પ્રમુખ ઉપપ્રમુખ પદ ભાજપ પક્ષ દ્વારા ઓબીસી સમાજને ફળવાતા પાટીદારોને લોલીપોપ જેવી સ્થિતિ પેદા થઈ હતી.

મોડાસા શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૩૬ બેઠકોમાંથી ૧૮ બેઠકો ભાજપને મળતા બહુમતી માટે માત્ર એક બેઠકનો પનો ટુંકો પડ્યો હતો. બીજી તરફ કોંગ્રેસ પાસે ૧૩ સભ્યો અને ૫ અપક્ષનો ટેકો આપવાની અટકળો વહેતી થતા પ્રમુખની વરણી રસપ્રદ બની હતી. મંગળવારે નગરપાલિકાના સભાખંડમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી બાયડના પ્રંત અધિકારી અને નગરપાલિકાના ચીફ ઓફીસર અગ્રવાલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં ભાજપા દ્વારા ૫ અપક્ષો સાથે રણનીતી ઘડી સત્તા હાંસલ કરવા ૫ અપક્ષો સાથે સાંઠગાંઠ રચતા આજની પ્રમુખ ઉપપ્રમુખની વરણીમાં ૫ અપક્ષો ગેરહાજર રહેતા ભાજપા માટે પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં આસાનાથી સત્તા હાંસલ કરી હતી. કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ ભાજપાની રણનીતી સમજવામાં થાપ ખાઈ ગયા હતા અને ભાજપાએ સતત પાંચમી વખત મોડાસા નગરપાલિકાની સત્તા હાંસલ કરી હતી. આજે યોજાયેલી પ્રમુખ ઉપપ્રમુખની વરણીમાં ભાજપા પક્ષ દ્વારા 'કોથળામાંથી બીલાડુ' કાઢ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ કરી બન્ને મહત્વની બેઠકો ઓબીસી સમાજના ખોળામાં ધરી દીધી હતી. ભાજપા પક્ષ દ્વારા પ્રમુખ તરીક વનીતાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ ગૂર્જરનો મેન્ડેટ અપાતા બન્નેની વરણી નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ તરીકે થતા ભાજપા પક્ષનો સદસ્યોમાં આનંદ છવાયો હતો. મોડાસા નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ તરીકે થતા ભાજપા પક્ષના સદસ્યોમાં આનંદ છવાયો હતો. મોડાસા નગરપાલિકાના નવા નિમાયેલા પ્રમુખ વનિતાબેન પટેલ અને ઉપપ્રમુખ દિનેશભાઈ ગુર્જરને અભિનંદન પાઠવ્યા હતા.

## મોડાસાનગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે શિક્ષકોના ફાળે

મોડાસા નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની મંગળવારે યોજાયેલી વરણીમાં ભાજપા પક્ષ દ્વારા પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા મહિલા શિક્ષિકા વનીતાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ ગુર્જરના નામ પર કળશ ઢોળતા બન્ને મહત્વના પદ પર શિક્ષકોનો ડંકો વાગ્યો હતો. પરંતુ મોડાસા નગરમાં ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી કે આ બન્ને શિક્ષણ સાથે સંકળાયેલા હોવાથી મોડાસા નગરપાલિકામાં સમાવિષ્ટ નગરજનોને ન્યાય આપશે કે વિદ્યાર્થીઓને ? નગરજનોને ન્યાય આપવા જતા વિદ્યાર્થીઓને અન્યાય થશે અને વિદ્યાર્થીઓને ન્યાય આપવા જતા નગરજનોની રહેલી વિકાસની આશાઓ પર ઉણા ઉતરવાની વાતો નગરમાં વહેતી થઈ હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ માટે આવનારા સમયમાં ખૂબજ કાળજીપૂર્વક આગળ ધપવુ પડશે તેવું ચર્ચાઈ રહ્યું છે.





## મોડાસા નગરપાલિકાના લઘુમતિ સમાજના ૫ અપક્ષો ગેરહાજર રહેતા ભાજપા ગેલમાં

મોડાસા નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની મંગળવારે યોજાયેલી ચૂંટણીમાં ૧૮ બેઠકો સાથે ભાજપાએ સત્તા હાંસલ કરી હતી. જેમાં વોર્ડ નં. ૯માંથી ચૂંટાયેલા મુલતાની સમાજના ઈસ્માઈલ નાથુ મુલતાની, સકીલા ઈસ્માઈલ મુલતાની, બાબુ કાલુ મુલતાની અને નફીસા બાબુ મુલતાની અપક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. અને વોર્ડ નં. ૮માંથી ઘાંચી સમાજના સમાજસેવી રફીક યુનુસભાઈ ઈપ્રોલીયા ચૂંટાઈ આવ્યા હતા. તમામ પાંચેય અપક્ષો આજની પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં ગેરહાજર રહેતા ભાજપ પક્ષ માટે સત્તા હાંસલ કરવાનો રસ્તો આસાન બન્યો હતો. જ્યારે કોંગ્રેસ પક્ષ સતત ૨૫ વર્ષથી સત્તા વિહોણો રહેવાનો વારો આવ્યો હતો. ભાજપાની રાજકીય રણનીતિમાં કોંગ્રેસ ચકર સાબીત થઈ હતી.

## નવા માઢવા પાસે ટાટાસુમોએ હડફેટે લેતાં મહિલાનું મોત

ભિલોડા, તા. ૧૫

ઈડર તાલુકાના નવા માઢવા ગામે રહેતી એક મહિલાને સોમવારે ટાટાસુમોએ ટક્કર મારતા તેણીને ગંભીર ઈજા થતાં ઈડરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેણીનું મોત નિપજ્યું હતું. જે અંગે ઈડર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાબરકાંઠામાં વધી રહેલી વાહન ચોરીની ઘટનાઓ ચિંતાજનક : રેંજ આઈજી

હિંમતનગર, તા. ૧૫

ગાંધીનગર વિભાગના પોલીસ મહાનિરીક્ષકે વાર્ષિક તપાસણી અન્વયે મંગળવારે હિંમતનગર ખાતેના જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટરની મુલાકાત લીધી હતી. દરમિયાનમાં સવારે હેડ ક્વાર્ટર કાતે ઈન્સપેક્શન પરેડ યોજાઈ હતી. રેંજ આઈ.જી. હસમુખ પટેલે જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લામાં વધી રહેલી વાહન ચોરીઓની ઘટનાઓ સંદર્ભે સત્વરે લોકલ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને સાથે જોડીને આવા ગુનાના ભેદ ઉકેલવા સઘન પ્રયાસો હાથ ધરાશે.

## ભિલોડાના ભાણમેર ગામમાંથી વિદેશી દારૂ, બીયર ઝડપાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં ઘર આગળ ઘાસના પુળાના ઢગલામાંથી રૂા. ૨૯,૮૫૦/-નો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ભિલોડા પોલીસ ધ્વારા રેડ દરમ્યાન ઝડપાયો હતો.

## મેઘરજ તાલુકામાં ચાલતા નરેગાના કામોમાં ગેરરીતિની અનેક ફરિયાદો

ઈસરી, તા. ૧૫

સાબરકાંઠા અને મેઘરજ તાલુકામાં મોટાભાગે ન્યાયીક કામો થતા નથી. ભ્રષ્ટાચારથી ખદબદી ઉઠેલો વિસ્તાર છે. જ્યાં જે તે અધિકારીઓની આળશના કારણે ખોટુ ચાલવાની વકી રહેલી છે.

મેઘરજ તાલુકાની જનતાના જણાવ્યા પ્રમાણે હાલમાં ચાલતા નરેગાના કામોમાં ખાતા વગરના મજૂરો-ખોટી હાજરી અને પગાર વખતે અડધા અડધા વહેંચી લેવાની શરતે માત્ર કાગળ ઉપર હાજરી પુરવામાં આવે છે. વળી જોબ નંબર કે ખાતા નંબર વગરના માણસો જે અંગત હોય તેવાની હાજરી પુરીને ભાગીદારી કરવામાં આવે છે. ૫૦ મજૂરોએ એક મેટ રાખવાનો નિયમ છે. છતાં ઓછા મજૂર હોય તો પણ બે બે મેટ રાખીને ભ્રષ્ટાચારને નોતરૂ આપવામાં મેઘરજ તાલુકો બાકી નથી. જાગૃત નાગરિકો જણાવે છે કે આટલી બધી ખોટી હાજરી ચલાવીને વર્ષમાં એકથી બે લાખનો ભ્રષ્ટાચાર થાય છે. છતાં જે તે નિયત સમય દરમિયાન

● અનુસંધાન પાના - ૭ પર



## ધાનેરામાં મતદાર યાદીમાં નામ નોંધાવવા રેલી યોજાઈ

ધાનેરામાં મતદાર યાદી નામ સુધારણાને ૧૮ વર્ષ પુરા થતા હોય તેવા લોકોના નામ મતદાર યાદીમાં નોંધાવવા માટે ધાનેરા પ્રાંત કચેરીથી વિદ્યાર્થીઓની રેલી યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારી બી.જે. સોની, મામલતદાર, તા. વિ. અધિકારી, નગરપાલિકા, ચિફ ઓફીસર પણ જોડાયા હતા. જે રેતી પ્રાંત કચેરીથી નીકળી તાલુકા પંચાયત થઈને નગરપાલિકા કચેરી સુધી પહોંચી હતી અને મતદાર યાદીમાં નામ દાખલ કરાવવાના સૂત્રોચ્ચાર પણ કરાયા હતા.

# તલોદ નગરનો વિકાસ રાજકીય ખેંચતાણ વચ્ચે ખોરંભે ચઢ્યો

તલોદ, તા. ૧૪

રાજ્યભરમાં થતી વિકાસની વાતો વચ્ચે સાબરકાંઠા જિલ્લાના તલોદનગરની હાલત કફોડી બની છે. તલોદ નગર જાણે કે 'વિકાસ નહિ પણ વિનાશ' તરફ ધકેલાઈ ગયું હોય તેવી અવદશા થવા પામેલ છે. રાજકીય લડાઈની ચરમસીમાને કારણે અને એકબીજાના 'પોલ' ખુલ્લા પાડવાના પ્રયાસોને કારણે નગર વિકાસ ખોરંભે પડ્યો છે. તલોદ બજારમાં નિર્માણ પામનાર આરસીસી રોડના કામ ઉપર કલેક્ટરે મનાઈહૂકમ ફરમાવતાં અને બજારમાં ચાલતા પાઈપલાઈનના ખોદકામનું કામ પણ સ્થગિત થઈ જતાં બજારની હાલત દયનીય બની છે. ચારેક દિવસથી નગરનો વોર્ડ નં. ૫નો બજારનો મુખ્ય ભાગ એક 'ધૂળિયા નગરમાં' ફેરવાઈ ચુક્યો છે. બપોરથી સંધ્યાકાળ સુધી ટાવરથી શ્રી માતાજીના ચોક સુધીનો આખોય વિસ્તાર અસહ્ય ધૂળની રજકરણોથી છવાયેલો રહે છે. પરિણામે નગરના જાહેર જન આરોગ્ય સામે પણ ખતરો પેદા થયો છે. સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ એકબીજા ઉપર આક્ષેપ-પ્રતિ આક્ષેપ કરી તેની સામે નગરની નાદાન પ્રજાને વાંધો નથી. પરંતુ એક-એક સુવિધાઓ છીનવાઈ જાય, નેતાઓ મુંગામંતર બની રહે અને વિકાસના કામો અટકી જાય ત્યારે તે સામે નગરજનોનું હૈયું વલોપાત કરી રહ્યું છે. પ્રજા ત્રાહિમામ પોકારી રહી છે. જેથી જાહેર જનહિતની લાગણી અને માંગણીને કેન્દ્રસ્થાને રાખીને નગરની નેતાગીરી સાશકો, કલેક્ટર અને રાજ્ય સરકાર તાકીદે યોગ્ય કરે તે અત્યંત આવશ્યક લેખાઈ રહ્યું છે.

ભાજપના ચૂંટાયેલા સભ્યોના હાથમાં નગરપાલિકાનું સૂકાન કેટલાક વર્ષોથી હતુ, પરંતુ તેમાંય આંતરિક તિરાડ પડતાં ભાજપના જ ૫ સભ્યોએ કોંગ્રેસના ૭ સભ્યોને સથવારે અલગ ચોકો ઉભો કરીને સત્તાનું સૂકાન હસ્તગત કરેલ છે. આ નવી વહિવટી સમિતિએ નગર વિસ્તારમાં શ્રી અંબાજી માતાજીના ચોકથી ટાવર વિસ્તાર સુધીના તુટી ગયેલા મુખ્ય રોડ માર્ગનું નિર્માણ કરવાની દિશામાં ગતિ કરતાં જ તેઓ કરી રહેલ 'કામ મૂળભૂત ઠરાવના પ્લાન અને લેઆઉટથી અલગ' હોવાનો ભાજપના જ સદસ્ય અને નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ કચરાલાલ ગજ્જરે દાવો કરી અન્ય અનેક રજૂઆતો સાથે જિલ્લા કલેક્ટરની કોર્ટમાં વિવાદી અરજી કરી નગરમાં ચાલતા કામો ગેરકાયદેસરના અને મનસ્વીપણે કાયદાકીય જોગવાઈઓથી વિરૂદ્ધ હોવાનો દાવો કરી તે સામે મનાઈહૂકમની માંગ કરતા કલેક્ટરે તા. ૨૧-૧૨-૧૫ સુધીનો મનાઈહૂકમ ફરમાવતા રોડ નિર્માણનું અને વરસાદી પાણીના નીકાલ માટેની નંખાઈ રહેલ પાઈપલાઈનનું કામ સ્થગિત કરી દેવાની પાલિકા સૂત્રોને ફરજ પડેલ છે. પરિણામે બજારમાં કરેલા મસમોટા ખાડા તેમાં નાખવા ઉતારવામાં આવેલ તોતીંગ પાઈપોનો રોડ ઉપર પડેલ જથ્થો અને તે થકી ઉદ્ભવેલી અનેક સમસ્યા થકી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે.









# ધાનેરાના ધાખા કોટડા ગામ પાસે ટવેરા અને જીપ વચ્ચે અકસ્માત આઠ ઘાયલ

ધાનેરા, તા. ૧૫

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા પાસે ટવેરા અને જીપ વચ્ચે અકસ્માત સર્જાતા આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને તમામ ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

ધાનેરા-સંચોર હાઈવે પર આવેલા ધાખા કોટડા ગામ પાસે મોદી રાત્રે ટવેરા ગાડી અને જીપ સામસામે અથડાતા બંને ગાડીમાં બેઠેલા આઠ જેટલા લોકોને ગંભીર ઈજા થઇ હતી અને અકસ્માત સર્જાતા હાઈવે પર પણ ટ્રાફિક જામ થઇ ગયું હતું અને આજુ બાજુથી લોકો પણ દોડી આવ્યા હતા અને ગાડીમાં ફસાયલા લોકોને બહાર નીકાળી ધાનેરા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ.એમ.ટી ભગવાનભાઈ દેસાઈ તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના તબીબ ડોક્ટર શૈલેન્દ્રસિહ પરમાર દ્વારા ઘાયલોને સારવાર આપી હતી અને જે ગંભીર રીતે ઘાયલ હતા તે લોકોને વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યા હતા ઘટનાની જાણ ધાનેરા પોલીસને થતા ધાનેરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોચી જાહેર રસ્તાપરનું ટ્રાફિક દુર કર્યુ હતું



## ધાનેરામાં ચાલતા ગેરકાયદેસર કતલખાના સામે આવેદનપત્ર અપાયું

ધાનેરા નગરપાલિકાથી જુની એસબીઆઈ વિસ્તારમાં ઠેર ઠેર ગેરકાયદેસર કતલખાના ચાલી રહ્યા છે અને તેઓ પશુ મારી માંસ બહાર નાંખતા હોવાથી ત્યાંથી પસાર થતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠતાં તેમની સામે કાર્યવાહી કરવા આવેદનપત્ર ધાનેરા પીઆઈને આપવામાં આવ્યું છે. મૃતક પ્રાણીઓના વધેલા માંસ મારી રસ્તામાં નાંખતાં ત્યાંથી પસાર થતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને અવારનવાર ધાનેરા ટાઉન જમાદારને રજુઆત કરવા છતાં ટાઉન જમાદાર હાથતાળી દેતા હોવાથી કંઈજ પ્રકારની કાર્યવાહી ન થતાં ત્યાંથી પસાર થતા ખેતરોવાળા તથા પસાર થતા આમ નાગરીકોએ આવેદનપત્ર આપ્યું હતું.

## પ્રાંતિજ ખાતે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા મામલતદારનો આવેદનપત્ર આપાયુ

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા આજે તાલુકા સેવા સદન ખાતે પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

પાટીદારો દ્વારા જેલમાં રહેલા આંદોલનકારીઓને છોડાવવા માટે પ્રાંતિજ તાલુકાના પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અનિલભાઈ અંબાલાલ પટેલ સહિત પાટીદાર અનામત આંદોલન સમિતિના સભ્યો દ્વારા ૧૫-૧૨-૨૦૧૫ને મંગળવારના રોજ પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે આવેલ મામલતદાર કચેરીમાં પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયાને આવેદનપત્ર આપ્યું હતું અને સરકાર સુધી પહોંચડવા વિનંતી કરી હતી અને હાર્દિક પટેલ, ચિરાગ પટેલ, કેતન પટેલ, દિનેશ બાંભણીયા તથા નિલેશ અરવાડીયા ઉપર લાગેલા રાજદ્રોહના ગુના હટાવીને મુક્ત કરવા વિનંતી કરી હતી. અને જો સરકારી તંત્ર દ્વારા યોગ્ય પગલાં નહી ભરવામાં આવે તો ૨૧-૧૨-૨૦૧૫ના રોજથી સાબરમતી આશ્રમ ખાતે અનશન આંદોલન હાથ ધરવામાં આવશે તેવું પાટીદાર આંદોલન સમિતિના પ્રાંતિજ તાલુકાના કન્વીનર અનિલભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

